બગદાણા પ્રકરણ ; મુખ્ય આરોપીની ધરપકડ ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવા હુંકાર

સુરતથી કોળી સમાજના આગેવાનો, કાર્યકરો ૧૦૦ કારના કાફલા સાથે ભાવનગર પહોંચ્યા : ઋષિભારતી બાપુની આગેવાનીમાં પીડિત નવનીત બાલધિયાની મુલાકાત લઈ કહ્યું-'મુખ્ય આરોપીની ધરપકડ સુધી આંદોલન ચાલુ રહેશે'

ભાવનગર,તા.૯

ભાવનગરના બગદાણાના નવનીતભાઈ બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના વિરોધમાં હવે કોળી સમાજમાં હજુ પણ રોષ શાંત પડ્યો નથી. આ મામલે ન્યાયની માંગ સાથે સુરતથી કોળી સમાજનો મોટો કાફલો ભાવનગર પહોંચતા મામલો ગરમાયો હતો. . બગદાણાના સેવક નવનીતભાઈ બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના પડઘા હવે સમગ્ર રાજયમાં પડી રહ્યા છે. આ ઘટનાના વિરોધમાં સુરતનો કોળી સમાજ મેદાને આવ્યો છે. સુરતથી ૧૦૦ જેટલી ગાડીઓના કાફલા સાથે કોળી સમાજના અગ્રણીઓ ગુરુવારે ભાવનગરની નારી ચોકડી ખાતે આવી પહોંચ્યા હતા.

નારી ચોકડી ખાતે કોળી સમાજના યુવા અગ્રણી ચિરાગ ઝાલા, પિન્ટુ કોળી, શૈલેષભાઈ મેર અને સાધુ-સંતોમાં ઋષિ ભારતી બાપુની આગેવાનીમાં વિશાળ સંખ્યામાં સમાજના લોકો એકઠા થયા હતા. અહીંથી આ કાફલો સીધો મહુવા હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો, જ્યાં સારવાર લઈ રહેલા પીડિત નવનીતભાઈની મુલાકાત લીધી હતી અને તેમના ખબર-અંતર પૂછ્યા હતા.

નવનીતભાઈ બાલધિયા કેસની ગંભીરતાને જોતા પોલીસ વિભાગ દ્વારા SITની રચના કરવામાં આવી છે. SIT દ્વારા હાલ તપાસનો ધમધમાટ તેજ કરી દેવામાં આવ્યો છે, પરંતુ કોળી સમાજ આ તપાસથી સંતુષ્ટ નથી. સમાજના આગેવાનોનો આક્ષેપ છે કે, હજુ સુધી મુખ્ય સૂત્રધારનું નામ પોલીસ ફરિયાદમાં દાખલ કરવામાં આવ્યું નથી. જ્યાં સુધી મુખ્ય આરોપીની ધરપકડ નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી અપાઈ છે. ઋષિભારતી બાપુએ સરકારની કામગીરી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે નામ લીધા વગર નિશાન સાધતા જણાવ્યું હતું કે, સમાજને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે.જો ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ થશે તો આગામી સમયમાં આ આંદોલન વધુ ઉગ્ર બની શકે છે.!

સોમનાથ સ્વાભિમાન પર્વના અવસરે ભાવનગરના જશોનાથ મહાદેવ મંદિરે સામૂહિક શિવ આરાધના

જશોનાથ મહાદેવ મંદિરમાં સતત ૭૨ કલાકનો અખંડ શિવમંત્ર જાપ: મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા

ભાવનગર,તા.૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉજવાતા સોમનાથ સ્વાભિમાન પર્વના પાવન અવસરે ભાવનગરના જશોનાથ મહાદેવ મંદિરમાં સામૂહિક શિવ આરાધના કરવામાં આવી રહી છે. જશોનાથ મહાદેવના મંદિરમાં સતત ૭૨ કલાકનો અખંડ શિવમંત્રના જાપ કરવામાં આવી રહ્યાં છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાઈ રહ્યા છે. સોમનાથ સ્વાભિમાન પર્વના આ પવિત્ર માહોલ સાથે જોડાયેલી આ આરાધનાથી સમગ્ર મંદિર પરિસર ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ચેતનાથી ગુંજી ઉઠ્યું છે.સોમનાથ સ્વાભિમાન પર્વ ભારતની સંસ્કૃતિ, શ્રદ્ધા, સ્વાભિમાન અને પુનર્નિર્માણના સંકલ્પનું પ્રતીક છે.

ભાવનગર વહીવટી તંત્રના તમામ અધિકારીઓ, કર્મચારીઓ ભાવનગર શહેરના પ્રાચીન અને આસ્થાના કેન્દ્ર જશોનાથ મહાદેવ મંદિરે સામૂહિક શિવ આરાધના કાર્યક્રમમાં જોડાશે.

તસવીર : ધવલ વાજા

ભાવનગર જિલ્લા કલેકટર ડૉ. મનીષ કુમાર બંસલ, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, અધિક નિવાસી કલેકટર એન. ડી. ગોવાણી, આગેવાન અભયસિંહ ચૌહાણ સહિત જિલ્લાના અધિકારીઓ અને કર્મચારીઓ અખંડ શિવમંત્રના જાપમા જોડાયા હતા તેમજ જશોનાથ મહાદેવની સંધ્યા આરતીનો લાભ લીધો હતો. જિલ્લા કલેકટર સહિત આગેવાનોએ શિવમંત્રના જાપ અને ભજન-કિર્તનનું પણ શ્રવણ કર્યું હતું.

વાયબ્રન્ટ ગુજરાતમાં ભાવનગરના પોલીપ્લાસ્ટ એકમને એમ.એસ.ઈ. એવોર્ડ

જિલ્લામાંથી માઈક્રો યંગ એન્ટરપ્રિન્યોર કેટેગરીમાં જનરલ MSE એવોર્ડ અપાશે

ભાવનગર,તા.૯

આગામી તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વાયબ્રન્ટ ગુજરાત રિજયોનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર અને કચ્છ) અંતર્ગત MSME Conclaveમાં રાજકોટ ખાતે મે. ભારત પોલીપ્લાસ્ટ ને ભાવનગર જિલ્લામાંથી માઈક્રો યંગ એન્ટરપ્રિન્યોર કેટેગરીમાં જનરલ MSE એવોર્ડ પ્રથમ વખત મળનાર છે. સ્થાનિક ઔદ્યોગિક સમુદાય માટે ગૌરવની ક્ષણમાં, ઉચ્ચ ગુણવત્તાની પ્લાસ્ટિકના દોરી દોરડાના અગ્રણી ઉત્પાદક એકમ ભારત પોલીપ્લાસ્ટને ભાવનગર જિલ્લામાંથી માઈક્રો એન્ટરપ્રાઈઝ માટે યંગ એન્ટરપ્રિન્યોર કેટેગરીમાં જનરલ એમ.એસ.ઈ. (MSE) એવોર્ડ પ્રથમ વખત મળનાર છે.આ એવોર્ડ યુનિટના માલિક પરેશભાઈ રામજીભાઈ ખોડીફાડના દૂરંદેશી નેતૃત્વ હેઠળના અસાધારણ પ્રદર્શન, સમર્પણ અને વૃદ્ધિને માન્યતા આપે છે. ભાવનગરમાં સ્થાપિત આ એન્ટરપ્રાઈઝે પ્લાસ્ટિકના ઉદ્યોગમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે અને વિસ્તારના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

પરેશભાઈ રામજીભાઈ ખોડીફાડ એ જણાવ્યું હતું કે આ સફળતાનું શ્રેય જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભાવનગરના અમૂલ્ય માર્ગદર્શન અને સમર્થનને આપે છે. તેમણે ખાસ આભાર વ્યક્ત કર્યો છે એસ.બી. ભાટીયા, જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભાવનગર તેમજ કે.આર. દેસાઈ, ઉદ્યોગ અધિકારીનો, જેમના માર્ગદર્શન અને સહાયથી વ્યવસાયનો વિસ્તાર કરવામાં અને આ સિદ્ધિ હાંસલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

"આ એવોર્ડ અમારી ટીમની મહેનત અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સતત સમર્થનનું પરિણામ છે. અમે વધુ વૃદ્ધિ અને ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છીએ." એમ પરેશભાઈ રામજીભાઈ ખોડીફાડ એ જણાવ્યું હતું.

ખેલ મહાકુંભ રાજ્યકક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધા ભાવનગરમાં યોજાશે

ભાવનગર,તા.૯

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા રમતગમત અધિકારી અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ભાવનગર દ્વારા સંચાલિત ખેલ મહાકુંભ ૨૦૨૫-૨૬ અંતર્ગત રાજ્યકક્ષાની ટેબલ-ટેનિસ અં. ૧૧, અં. ૧૪ અને અં. ૧૭ જૂથની ભાઈઓ તથા બહેનોની સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ રમત સંકૂલ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સિદસર રોડ, ભાવનગર ખાતે તા. ૧૬ થી ૧૯ જાન્યુઆરી દરમ્યાન થનાર છે.

અં.૧૧ ના ભાઈઓ-બહેનો માટે રિપોર્ટિંગ તા.૧૬ ના રોજ સાંજે ૪ કલાકથી ૮ કલાક સુધીનો રહેશે. તા. ૧૭-એ સવારે ૯ કલાકે સિંગલ્સ ઈવેન્ટમાં સ્પર્ધા યોજાશે.અં.૧૭ ના ભાઈઓ-બહેનો માટે રિપોર્ટિંગ તા.૧૭ના રોજ સાંજે ૪ કલાકથી ૮ કલાક સુધીનો રહેશે. તા. ૧૮ એ સવારે ૯ કલાકે સિંગલ્સ ઈવેન્ટમાં સ્પર્ધા યોજાશે.અં.૧૪ ના ભાઈઓ-બહેનો માટે રિપોર્ટિંગ તા. ૧૮ ના રોજ સાંજે ૪ કલાકથી ૮ કલાક સુધીનો રહેશે. તા.૧૯એ બપોરે ૧૨ કલાકે સિંગલ્સ ઈવેન્ટમાં સ્પર્ધા યોજાશે.

તમામ વયજુથ માટે રિપોર્ટિંગ કરવા માટેનું સ્થળ સરદાર પટેલ રમત સંકુલ (સ્પોર્ટ્સ હોસ્ટેલ) , સિદસર રોડ, ભાવનગર તથા સ્પર્ધા માટેનું સ્થળ મલ્ટી પર્પઝ હોલ ઈન્ડોર હોલ, સરદાર પટેલ રમત સંકૂલ, જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર સિદસર રોડ, ભાવનગર રહેશે. સ્પર્ધા અંગેની ખાસ સૂચનાઓ ધ્યાનમાં લેવી જરૂરી છે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવેલ છે.

સિહોર ન.પા.વિપક્ષ નેતાની રજુઆત બાદ ઉથરેટી મામલે વન તંત્ર એક્શન મોડમાં!

સિહોર,તા.૯

સિહોર નગરપાલિકામાં જાગૃત વિપક્ષના કારણે આ વખતે નગરપાલિકાના સતાપક્ષને શાસન કરવું ખૂબ જ કપરું બન્યું છે. દરેક મુદ્દે વિપક્ષ દ્વારા લડત ચલાવવામાં આવે છે અને નગરપાલિકાને જવાબ આપવા પડે છે. છેલ્લા કેટલાક સમયથી વિપક્ષનેતા જયરાજસિંહ મોરી દ્વારા ગુંદાળા ઉથરેટી મુદ્દે ચલાવેલી લડતના છેક ગાંધીનગર પડઘા પડ્યા છે. આ બાબતે વન અને પર્યાવરણ વિભાગ હરકતમાં આવ્યું છે.

વન અને પર્યાવરણ વિભાગના નિયામક દ્વારા જયરાજસિંહ મોરીની અરજીના અનુસંધાને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સચિવને પત્ર લખી ઉથરેટી મામલે તાત્કાલિક અસરથી યોગ્ય કાર્યવાહી કરી નિયમોનુસાર જવાબદારો વિરુદ્ધ પગલાં લઈ કરેલ કાર્યવાહીનો અહેવાલ અરજદાર જયરાજસિંહ મોરીની મોકલવા સૂચના આપવામાં આવેલ છે. આ મુદ્દે વિપક્ષનેતાના આક્રમક વલણના કારણે નગરપાલિકાના સત્તાધીશો પહેલેથી જ બચાવના મોડમાં છે ત્યારે હવે તેમની મુશ્કેલી વધી શકે તેવું જણાઈ રહ્યું છે.

આવશ્યક ચીજવસ્તુ ધારાના ગુનામાં આરોપી ૧૭ વર્ષે દિલ્હીથી હાથ લાગ્યો

ભાવનગર,તા.૯

ભાવનગર લોકલ કાઈમ બ્રાન્ચ એ ૧૭ વર્ષથી ફરાર આરોપી મનીષ જયપ્રકાશ જૈનની દિલ્હીથી ધરપકડ કરી છે. આરોપી ૨૦૦૯માં વલ્લભીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આવશ્યક ચીજવસ્તુ ધારાના ગુનામાં વોન્ટેડ હતો. LCB સ્ટાફને બાતમી મળી હતી કે, વલ્લભીપુર પોલીસ સ્ટેશનમાં ૨૦૦૯માં આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ ૩ અને ૭ હેઠળ દાખલ થયેલા ગુનાનો ફરાર આરોપી મનીષ જૈન હાલ દિલ્હીમાં રહે છે. આ બાતમીના આધારે જ્ઞમ્ની એક ટીમ દિલ્હી રવાના થઈ હતી.

દિલ્હી પહોંચીને ટીમે આરોપીની તપાસ કરતા તે પ્રિતમપુરા ખાતે આવેલી તેની ઓફિસે હાજર મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને મનીષ જૈનની ધરપકડ કરી હતી. તે રોહતક, હરિયાણાની પારસનાથ ઓર્ગેનિક પ્રા. લિ. કંપની સાથે સંકળાયેલો હતો. ધરપકડ બાદ આરોપીને ભાવનગર લાવવામાં આવ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી બાદ તેને વલ્લભીપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.

બગદાણા હુમલા પ્રકરણના પીડિત નવનીત બાલધીયાને ૧૧ દિવસની સારવાર પછી હોસ્પિટલમાંથી અપાઈ રજા

બગદાણામાં હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા કોળી સમાજના યુવાન નવનીત બાલધીયાને ૧૧ દિવસની સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ૨૯ ડિસેમ્બરના રોજ તેમના પર આઠ અજાણ્યા ઈસમો દ્વારા લાકડીઓ વડે નવનીતભાઈ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ હુમલાની ઘટનામાં નવનીત બાલધીયા પર લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીર પર હુમલો કરાવવાનો ગંભીર આરોપ લાગ્યો હતો. હાલ નવનિતભાઈની તબિયતમાં સુધારોજણાતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી.

પીરછલ્લામાં બ્રાસની દુકાનમાં ખેપ મારનાર તસ્કર બેલડી ઝડપાઈ

ક.પરામાંથી ચોરીના માલસામાન અને રીક્ષા સહીત ૧.૪૪ લાખના મુદામાલ સાથે ઝડપી લેવાયા

ભાવનગર,તા.૯

ભાવનગર એલસીબી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી, એ દરમ્યાન શહેરના કરચલિયાપરા વિસ્તારમાં આવેલા વેજીટેબલના કારખાના પાસે શાકમાર્કેટ નજીક બે શખસો એક રીક્ષામાં બેસી પિત્તળની મુર્તીઓ તથા ગોળનું વેચાણ કરી રહ્યા હોય અને એ ગોળ તથા પિત્તળની મૂર્તીઓ તેઓએ કયાંકથી ચોરીથી અથવા છળકપટથી મેળવી હોવાની બાતમીદારે શંકા વ્યક્ત કરતા એલસીબીની ટીમે બાતમીના આધારે કરચલિયાપરા વિસ્તારમાં પહોંચી સ્થળ પરથી બંને શખસોને રીક્ષા અને મુદામાલ સાથે દબોચી લીધા હતા.

તપાસ દરમ્યાન બંને શખસો પાસેથી પિત્તળની વિવિધ પ્રકારની મૂર્તિઓ, ગોળના ડબ્બા મળી આવ્યા હતા, જેની પૂછપરછ દરમ્યાન બંને શખસો પોતાના કબ્જામાં રહેલા મુદ્દામાલ અને કોઈ સંતોષકારક જવાબ નહિ આપી શકતા, પોલીસે શંકા ના આધારે મોબાઈલ ફોન, રોકડ રકમ અને ઝદ્રય રીક્ષા સહિત કુલ રૂ.૧,૪૪,૨૫૦ના મુદ્દામાલ સાથે બંને શખસોની અટકાયત કરી હતી. પોલીસ દ્વારા બંને શખસોની સઘન પૂછપરછ કરવામાં આવતા આરોપીઓએ મુદ્દામાલ ચોરી કરી મેળવ્યો હોવાની કબૂલાત કરી હતી.

બંને શખસોએ ગત ૧ જાન્યુઆરીના રોજ ભાવનગર શહેરના પીરછલ્લા રોડ પર આવેલી સોલંકી બ્રાસ નામની દુકાનના તાળા તોડી પિત્તળની મૂર્તિઓ તથા સાંકળોની ચોરી કરી હતી. ત્યારબાદ ૨ જાન્યુઆરીના રોજ રાજકોટ દાણાપીઠ વિસ્તારમાં આવેલી નીમેશ કરીયાણાની દુકાનમાંથી તેલના ડબ્બાની ચોરી કરી તેને બારોબાર વેચી દીધા હતા, જ્યારે ૪ જાન્યુઆરીના રોજ જલારામ કરીયાણાની દુકાનમાંથી ગોળના ડબ્બાની ચોરી કર્યાની પણ બંને શખસોએ કબૂલાત કરી હતી. ઝડપાયેલા આરોપીમાં હસનબીન ઉર્ફે લાલો ઉર્ફે સદામ ઈબ્રાહીમભાઈ જફાઈ (ઉ.વ.૩૨, રહે. રાજકોટ)

ઈમરાન ઉર્ફે મમો વાહાબભાઈ બકિલી (ઉ.વ.૪૦, રહે. ભાવનગર)નો સમાવેશ થાય છે.

રોડના કામમાં ઝડપનો અભાવ : સંસ્કાર મંડળથી સહકારી હાટ સુધીના માર્ગ પર વાહન પ્રવેશબંધી લંબાવાઈ

શહેરના સંસ્કાર મંડળ ચોકથી સહકારી હાટ સુધીના માર્ગ પર 'વ્હાઈટ ટોપીંગ' રોડ બનાવવાની કામગીરી પ્રગતિમાં હોવાથી ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર ડો.એન.કે. મીના દ્વારા આ માર્ગ પર વાહનોની અવરજવર માટે પ્રતિબંધ અને ડાયવર્ઝનનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જેમાં તા.૭ જાન્યુઆરીથી તા.૧૫ જાન્યુઆરી ૯ દિવસ સુધી જાહેરનામું અમલમાં રહેશે.જાહેર જનતાની સુવિધા અને સલામતી માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. મહાનગરપાલિકાએ તમામ નાગરિકોને આ સમયગાળા દરમિયાન સહકાર આપવા અને સૂચિત માર્ગોનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)